# મારા માટે આ બધા જ એવોર્ડ્સ ઓસ્કર જેટલાં જ મહત્વના છે: બરુન સોબતી

શો-બાજ



**સિલ્વર સ્ક્રીન પર 'ઇસ પ્યાર કો ક્યા નામ દૂં?'માં અર્નવ સિંહ રાયઝાદાના રોલથી પ્રખ્યાત થયેલાં બરુન સોબતીએ OTT પ્લેટફોર્મ પર પોતાના નામનો 'કોહરા' ફેલાવી દીધા છે. પહેલી સીઝન સુપર સક્સેસફુલ રહ્યા બાદ હવે કોહરાની બીજી સીઝન નેટફ્લિક્સ પર ૧૧ ફેબ્રુઆરીએ આવી ગઇ છે. ચાલો જાણીએ 'તનહાઇયા'થી લઇને 'હલાહલ' મચાવનારા બરુન વિશે...**

**ટીવી ઇન્ડસ્ટ્રીમાં આવવા પહેલાં તમારું જીવન અને પરિવાર વિશે વિસ્તારથી જણાવો. તામારું બાળપણ કેવું હતું?**

હું દિલ્હીમાં જન્મ્યો હતો. મારું બાળપણ દિલ્હીમાં જ વીત્યું. અમારો પરિવાર મધ્યમ વર્ગનું હતું. મારા પિતા એક વ્યવસાયી હતા અને માતા ગૃહિણી. મારી બહેન અને ભાઈ પણ છે. હું પહેલાં સેન્ટ કોલમ્બસ સ્કૂલમાં ભણ્યો અને ત્યારપછી હાયર સ્ટડી માટે યુનિવર્સિટી ઓફ દિલ્હીમાંથી ઇકોનોમિક્સ અને પત્રકારત્વમાં ડિગ્રી લીધી. શરૂઆતમાં મને લેખક બનવું હતું, પણ જીવનમાં અભિનય તરફ વળ્યો.

**તમે અભિનયમાં કેવી રીતે આવ્યા? તમારી પહેલી ભૂમિકા કઈ હતી?**

એક્ટિંગ મારા માટે અચાનક આવી. 2009માં સ્ટાર પ્લસના શો 'શ્રદ્ધા'માં સ્વયમ ખુરાનાનો રોલ મળ્યો. તે મારી પહેલી મોટી ભૂમિકા હતી. તે પછી 'દિલ મિલ ગયે'માં ડોક્ટર રાજનું કેમિયો કર્યું, જે ડ્રગ્સની લત વાળા વ્યક્તિનું હતું. 2010માં સોની ટીવીના 'બાત હમારી પક્કી હૈ'માં શ્રવણ જયસ્વાલનો રોલ કર્યો. આ બધા અનુભવોથી હું શીખ્યો કે અભિનયમાં મહેનત અને ધીરજ જરૂરી છે.

**તમારી કારકિર્દીનો સૌથી મોટો વળાંક ક્યારે આવ્યો?**

મને 2011માં સ્ટાર પ્લસના શો 'ઇસ પ્યાર કો ક્યા નામ દૂં?'માં અર્નવ સિંહ રાયઝાદાનો રોલ મળ્યો. તે એક બિઝનેસમેનનું પાત્ર હતું, જે ગુસ્સાવાળો છે અને પ્રેમમાં પડે છે. આ શો ખૂબ હિટ થયો. મને અને સનાયા ઇરાનીને લોકોનો ખૂબ પ્રેમ મળ્યો. આ શોથી હું ઘર-ઘરમાં પહોંચ્યો. 2017માં તેની સિક્વલ 'ઇસ પ્યાર કો ક્યા નામ દૂં 3'માં અદ્વય સિંહ રાયઝાદા/દેવ કશ્યપનો રોલ કર્યો. આ રોલ મારા માટે ખાસ છે કારણ કે તેણે મને નવી ઓળખ આપી.

**તમે ટીવીથી ફિલ્મો તરફ વળ્યા. તમારી પહેલી ફિલ્મ કઈ હતી અને તેનો અનુભવ કેવો હતો?**

2014માં 'મેઇન ઔર મિસ્ટર રાઇટ'માં ડબલ રોલ કર્યો - સુખવિંદર સિંહ અને હૃદયન ડાલમિયા. તે રોમેન્ટિક કોમેડી હતી. ફિલ્મમાં કામ કરવું ટીવીથી અલગ હતું, વધુ સમય અને ડિટેલ્સમાં ધ્યાન આપવાની જરૂર પડી. પછી 2017માં 'તુ હૈ મેરા સન્ડે'માં કામ કર્યું, જે સ્પોર્ટ્સ ડ્રામા હતો. તે લંડન ફિલ્મ ફેસ્ટિવલ અને કાન્સમાં બતાવવામાં આવી. 2019માં '22 યાર્ડ્સ'માં રોન સેનનો રોલ કર્યો, જે ક્રિકેટ વિશે હતી. ફિલ્મોમાં મને નવા પાત્રો અને નવો અનુભવ મળ્યો.

**હવે તમે વેબ સિરીઝમાં ખૂબ સક્રિય છો. તેનું કોઇ કારણ? ટીવીમાં મજા નથી આવતી કે OTT પસંદ છે?**

હા, વેબ સિરીઝમાં મને વધુ સ્વતંત્રતા મળે છે. 2017માં 'તન્હાઇયાં'માં હૈદર અલી ખાનનો રોલ કર્યો. પછી 2020માં 'અસુર'માં નિખિલ નાઇરનું પાત્ર, જે ફોરેન્સિક એક્સપર્ટ છે. આ ક્રાઇમ થ્રિલર છે અને તેની બીજી સીઝન 2023માં આવી. મને તેના માટે એશિયન ટેલિવિઝન એવોર્ડ મળ્યો. 'ધ ગ્રેટ ઇન્ડિયન ડિસ્ફંક્શનલ ફેમિલી'માં સમર રણાઉત, 'હલાહલ'માં યુસુફ કુરેશી, 'ધ મિસિંગ સ્ટોન'માં સાહિર, 'બદતમીઝ દિલ'માં કરણ સિંહ રાઠોડ, 'કોહર્રા'માં અમરપાલ ગરુંડીના રોલ એટલા જોરદાર છે કે તમે ના ન પાડી શકો. 'કોહર્રા' માટે મને ફિલ્મફેર OTT એવોર્ડ પણ મળ્યો. 2024માં 'રક્ષક - ઇન્ડિયાઝ બ્રેવ 2'માં નાઇબ સુબેદાર સોમબીર સિંહ અને 'રાત જવાન હૈ'માં અવિનાશનો રોલ મારો ફેવરિટ છે.

**તમને કેટલા એવોર્ડ્સ મળ્યા છે? એવોર્ડ્સ લેતી વખતનો અનુભવ કેવો હતો?**

ટીવીની વાત કરું તો 'ઇસ પ્યાર કો ક્યા નામ દૂં?' માટે ઘણા એવોર્ડ્સ મળ્યા, જેમ કે પીપલ્સ ચોઇસ એવોર્ડ ફોર ફેવરિટ એક્ટર, આઇટીએ એવોર્ડ ફોર બેસ્ટ એક્ટર, ઇન્ડિયન ટેલી એવોર્ડ ફોર બેસ્ટ ઓનસ્ક્રીન કપલ, ગોલ્ડ એવોર્ડ ફોર બેસ્ટ કપલ, સ્ટાર પરિવાર એવોર્ડ્સમાં ફેવરિટ ન્યૂ મેમ્બર અને ફેવરિટ કપલ. વેબમાં 'અસુર' માટે એશિયન ટેલિવિઝન એવોર્ડ, 'કોહર્રા' અને 'રાત જવાન હૈ' માટે ફિલ્મફેર ઓટીટી એવોર્ડ્સ તથા 'રાત જવાન હૈ' માટે મને ક્રિટિક્સ ચોઇસ એવોર્ડ પણ મળ્યો છે. આ બધા મારી મહેનતનું ફળ છે એટલે આ બધા એવોર્ડ્સ ઓસ્ત્ર જેટલા જ મહત્વના છે.

**તમારી પર્સનલ લાઇફ કેવી છે? તમારા લગ્ન અને પરિવાર વિશે જણાવો.**

2010માં મારી હાઇસ્કૂલ સ્વીટહાર્ટ પશ્મીન મંચંડા જેથી સાથે હું પ્રેમમાં હતો, અમે ગુરુદ્વારામાં લગ્ન કર્યા હતા. તે ખાનગી સમારંભ હતો. અમારા બે બાળકો છે - દીકરી સિફ્ત, જે જૂન 2019માં જન્મી, અને પુત્ર મીર, જે એપ્રિલ 2023માં જન્મ્યો. પરિવાર મારા માટે સૌથી મહત્વનું છે. હું કામ અને પરિવાર બંનેને અલગ જ રાખું છું અને બંને વચ્ચે સંતુલન રાખું છું. પશ્મીન મને હંમેશા દરેક પ્રોજેક્ટમાં સપોર્ટ આપે છે. ●

સ્પાઇસ



# મુનમુન દત્તાના બોલ્ડ વિચારો !

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં બબીતાજીનો રોલ અદા કરી ફેમ મેળવનાર મુનમુન દત્તા 38 વર્ષની છે અને હજી સુધી અનમેરિડ છે. મુનમુન 'તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા' શોના કારણે જેટલી ચર્ચામાં રહે છે તેના કરતા વધારે ચર્ચા સોશિયલ મિડિયા પર વધારે થાય છે. મુનમુન જેટલી મોર્ડન છે તેના વિચારો પણ એથી વધારે મોર્ડન છે. થોડા સમય પહેલા મુનમુને અંગ્રેજ બોયના પ્રેમમાં પડી તેવી ન્યૂઝ આવી પછી તે વધુ એક્ટિવ દેખાઈ રહી છે. કહેવાય છે ને 'સંગ તેવો રંગ' મુનમુને પણ હાલમાં એક ઈન્ટરવ્યુમાં મેરેજ અને ચાઈલ્ડ વિશે પોતાના વિચારો સ્પષ્ટ કર્યા છે.

ઈન્ટરવ્યુમાં જ્યારે મુનમુનને પૂછવામાં આવ્યું કે શું તે મેરેજ કરવા માગે છે ત્યારે તેણે કહ્યું હતું કે 'મને અત્યારે ખબર નથી, કરવાં છે કે નહીં એ વિશે હું હજી ક્લિયર નથી. મને પ્રેમ ગમે છે. જો મારા માટે લખેલું હશે તો કદાચ કરીશ. જોકે હું એવી નથી કે મેરેજ પાછળ દોડું. બાળપણથી જ મેં ક્યારેય એવું સપનું નહોતું જોયું કે મારો પતિ આદર્શ હોવો જોઈએ. જોકે મેરેજ માટે મને ટોલ, હેન્સમ, ખાસ તો વ્હાઈટ (ગોરો) અને સારા સ્વભાવનો છોકરો ગમે છે.'

મુનમુને પર્સનલ લાઈફ વિશે વાત કરતાં કહ્યું હતું કે 'મને લાગે છે કે હું મમ્મી બનવા માગતી નથી અને આ બાબતમાં હું સંપૂર્ણ રીતે સ્પષ્ટ છું. કોઈ મને આ માટે જજ કરે તો પણ મને ફરક નથી પડતો. આ મારી પસંદગી છે અને હું એના પર અડગ રહીશ.'

મુનમુન હાલ ઈન્ડિયન કલ્ચરને ટાટા બાઈ-બાઈ કરી વિદેશી વિચારો સાથે લાઈફને પોતાની રીતે સેટ કરવા માગે છે. આમ પણ સ્ટારની લાઈફ અલગ હોય પણ તે ના ભુલવું જોઈએ કે સ્ટારને ઘણા રોલ મોડેલ માનતા હોય અને જે સ્ટાર કરે તે બધા ફોલો કરતા હોય.

હવે સવાલ એ થાય કે જેટલા પણ લોકો મુનમુનને ફોલો કરે છે, તેમાંનો સ્ત્રી વર્ગ જો કહેવા લાગે કે હું મેરેજ તો કરીશ પણ મા નહીં બનું તો વિચારો આ સમાજમાં કેવી પરિસ્થિતિ સર્જાશે? ●

# શું '56 ડેઈઝ'માં સસ્પેન્સ ખૂલી જશે?




અપકમિંગ

ફેબ્રુઆરી મહિનો એટલે લવ, રોમાન્સ અને નજીકના વ્યક્તિ સાથે વધુ સમય વિતાવવાનો મહિનો. આમ પણ હવે લવ બર્ડ્સ સિનેમા થિયેટર કરતા ઘરે OTT પ્લેટફોર્મ પર વધુ ધ્યાન આપે છે. અને તેથી જ હવે ઘણી ફિલ્મો પણ ડાઈરેક્ટ OTT પર જ રિલિઝ થાય છે. આવતી 18મીએ પ્રાઈમ વિડિયો પર રોમાન્સ, ડ્રામા ક્રાઈમ થ્રિલર સિરિઝ આવી રહી છે. આ સિરિઝ ટોટલ 8 એપિસોડમાં જોવા મળશે. જેમ સિરિઝનું ટાઈટલ 56 ડેઈઝ છે તેની પાછળ પણ કારણો છે.

સિરિઝમાં પ્લોટ એટલે કે સ્ટોરીની વાત કરીએ તો જ્યારે ઓલિવર કેનેડી અને તેની ગર્લફ્રેન્ડ સિયારા વાયસ સાથે આખી સિરિઝ જોડાયેલી રહે છે. ઓલિવર અને સિયારા એક લક્ઝુરિયસ એપાર્ટમેન્ટમાં રહેવા આવે છે. એ એપાર્ટમેન્ટમાંથી એક અજાણી લાશ મળી આવે છે, ત્યારે ડિટેક્ટીવ્સ લી રીઅર્ડન અને કાર્લ કોનોલી છેલ્લા 56 દિવસોમાં ઓલિવર અને સિયારાની વચ્ચે શું શું થયું તે સ્ટોરીને જાણવા માટે જે પ્રયત્નો કરે છે તે રોમાંચક છે. આ સિરિઝ રોમાન્સથી ભરપૂર છે અને વાઈલ્ડ રોમાન્સના ઘણા સિન્સ પણ જોવા મળશે. મેઈન એક્ટરોમાં જોઈએ તો સિયારા વાયસ તરીકે ડવ કેમેરોન અને ઓલિવર કેનેડી તરીકે અવન જોગિયા છે. તો સાઈડ કેરેક્ટરોમાં આપણે ડિટેક્ટીવ લી રીઅર્ડન તરીકે કાર્લા સોઝા અને ડિટેક્ટીવ કાર્લ કોનોલી તરીકે ડોરિયન મિસિક છે.

કેથરિન રાયન હોવર્ડની નવલકથા પરથી રૂપાંતરિત, મનોવૈજ્ઞાનિક થ્રિલર, 56 ડેઝ, 18 ફેબ્રુઆરી, 2026 ના રોજ એમેઝોન પ્રાઈમ વિડિયો પર પ્રીમિયર થવા માટે તૈયાર છે. એક લક્ઝરી એપાર્ટમેન્ટમાં હત્યા પછીની તીવ્ર રોમાંસની શોધ માટે હાલના બોસ્ટનમાં સેટિંગ બદલી નાખે છે. ડાયરેક્ટર : એલેથિયા જોન્સ, શાના સ્ટેઈન, લોરેન વોલ્કસ્ટેઈન, જેસિકા યુ. પ્રોડ્યુસર : કેરીન અશર, લિસા ઝ્વર્લિંગ, જેમ્સ વાન, માઈકલ ક્લિયર, રોબ હેકેટ, સેન્ડ્રીન ગ્રોસ ડી'આયલોન, કેથરિન રાયન હોવર્ડ, જેનેટ લિન, ડેનિયલ બોઝોન, એલેક્ઝાન્ડ્રા કનિંગહામ. આ સિરિઝ તમને એમેઝોન પ્રાઈમ વિડિયોમાં જોવા મળશે. ●

# 'વ્હિલ ઓફ ફોર્ચ્યુન' પર કોઈ કરોડપતિ બનશે?




સ્મોલ સ્કિન

સોની ટીવી પર જ્યારથી કૌન બનેગા કરોડપતિ શો પૂરો થયો એટલે સોની ચેનલે તરત જ અક્ષય કુમારનો શો 'ધ વ્હિલ ઓફ ફોર્ચ્યૂન' શરૂ થયો. આ શોમાં એવું કહેવાય છે કે દુનિયાનો નંબર 1 શો છે. પણ આ શો જોતા દરેક દર્શકોએ જોયું જ હશે કે શોમાં જેણે પણ ભાગ લીધો છે તેમાંથી કોઈ 5 લાખથી વધુ જીતી જ નથી શક્યું. શોમાં સેલિબ્રિટી તરીકે જોઈએ તો ડાયરેક્ટર સાજીદ ખાન, એકટરોમાં તો ઘણા બધા આવ્યા જેમ કે રિતેશ, ચંકી પાંડે, ગુલશન ગ્રોવર, શક્તિ કપૂર અને હમણા અનુ મલિક કરિશ્મા કપૂર પણ આવી ચૂકી છે.

અહીં સવાલ એ છે કે આ શો સેલિબ્રેટી માટે છે કે કોમનમેન માટેનો? અને જે પણ કોમનમેન આવ્યા તે પણ રૂ. 2-3 લાખથી વધુ જીતી શક્યા નથી. શોનું નામ છે ભાગ્યનું ચક્ર, પણ આ ભાગ્ય કોઈને પણ ન ફળ્યું? એવું નથી કે બધા બદનસીબ હતા. ભાગ્યશાળી તો શોમાં આવ્યા તે તમામ છે જ!

પરંતુ અહીં કોઈ એક કરોડ તો દૂર પણ 50 લાખ પણ કેમ ન જીતી શક્યા તેની પાછળ શોનું ફોર્મેટ છે, જો વ્હિલની સોઈ એક કરોડ પર અટકી પણ હોય તોય તેને પૈસા મળતા નથી પણ બીજા એક વ્હિલમાં તે એક કરોડનું લખેલું કવર મુકવામાં આવે છે અને ફરી જો મુકેલા કવરનો અક્ષર વ્હિલમાં આવે પછી એક પઝલ સોલ્વ કરવી પડે અને જો એટલું કર્યા પછી સમય મળે માત્ર 15 સેકન્ડનો તેથી કોઈ આ શોમાં કરોડ પતિ બની જ ન શકે! ●